# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૭૧ તા.૨૩-૩-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- સ્કોપ અંતર્ગત તાલીમ લઈ રહેલ શિક્ષકોની ઓન લાઈન પરીક્ષાની હોલટીકીટ ડાઉનલોડ કરવા તથા ઓનલાઈન ટેસ્ટ આપવા બાબત**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષયે જણાવવાનું કે સ્કોપ અંતર્ગત તમારી શાળામાંથી CPT લેવલની તાલીમ જે શિક્ષકો લઈ રહ્યા છે તે તમામ માટે તા.૨૫,૨૭ અને ૨૮ માર્ચ-૧૭ દરમ્યાન એક દિવસે ઓનલાઈન પરીક્ષા લેવામાં આવનાર છે. આ ઓનલાઈન ટેસ્ટ માટે નીચે દર્શાવેલ વેબસાઈટ પરથી જણાવેલ સ્ટેપ પ્રમાણે હોલટીકીટ ડાઉનલોડ કરી જે-તે કેન્દ્ર પર બીનચૂક રીતે પરીક્ષા આપવા જણાવશો.

❖ **Hall Ticket મેળવવા માટે :**

૧. વેબ સાઈટ : www.scopegujarat.org
૨. Google પર જઈ ઉપર દર્શાવેલ વેબસાઈટ ખોલો
૩. scope ના હોમપેજ ઉપર **Municipal School Board Teacher Exam : pleace download Hall Ticket** ના સ્ક્રોલ ઉપર કલીક કરો
૪. સ્ક્રોલ કલીક કરવાથી Hall Ticket શિર્ષક દેખાશે. તેની નીચે સ્કોપના સ્કૂલ બોર્ડ અંતર્ગત ચાલતા ૧૭ ટ્રેનીંગ સેન્ટરોના નામ દેખાશે.
૫. ૧૭ ટ્રેનીંગ સેન્ટર પૈકી તમારા ટ્રેનીંગ સેન્ટર પર કલીક કરો
૬. ટ્રેનીંગ સેન્ટર કલીક કરવાથી ૩૫ પેજની PDF ફાઈલ જનરેટ થશે
૭. PDF ફાઈલ જનરેટ થયા બાદ તમારૂ નામ જે પેજ પર હોય તે પેજની પ્રિન્ટ કાઢી તમારી Hall Ticket મેળવી લેવી

❖ **સામાન્ય સૂચનાઓ :-**

- તમારી Hall Ticket માં દર્શાવેલ તારીખ, સમય અને સ્થળે બીનચૂક રીતે તમારા પરીક્ષા સમયના ૩૦ મીનીટ પહેલા પહોંચી જવું.
- ફોટોગ્રાફ સાથેનો પાસપોર્ટ/ડ્રાઈવીંગ લાયસન્સ/સ્કૂલ બોર્ડ આઈ.કાર્ડ નું ઓળખપત્ર અવશ્ય સાથે રાખવું.
- Hall Ticket વગર પરીક્ષામાં પ્રવેશ મળશે નહી.
- તમારા નામમાં કોઈપણ પ્રકારનો ફેરફાર જણાય તો સુધારેલું નામ ત્યાં જણાવવું અને તેની એક નોંધ જે-તે ઝોનમાં સુપરવાઈઝરશ્રીને બીનચૂક રીતે દિન-૭માં આપવી.

**પરીક્ષા કેન્દ્રનું સ્થળ :** **એલ.ડી. કોલેજ ઓફ એન્જીનીયરીંગ(લેબ-૧)**
**બીજો માળ, લાયબ્રેરી બિલ્ડીંગ,યુનિવર્સિટી એરીયા,અમદાવાદ.**

**નોંધ :-**

૧ **ઓનલાઈન ટેસ્ટના દિવસે પરીક્ષા સ્થળે પહોંચવાના સમય પહેલાં અને પરીક્ષા પૂર્ણ થયા પછી જે-તે શિક્ષકે પોતાની શાળામાં શૈક્ષણિક કાર્ય (શાળા સમય અનુસાર) કરવાનું રહેશે.**
૨ **તા.૨૬-૩-૧૭ને રવિવારના રોજ સ્કોપ તાલીમમાં તમામ શિક્ષકોએ બીનચૂક રીતે હાજર રહેવું.**
૩ **તા.૨૫-૩-૧૭ના રોજ જેઓની ઓનલાઈન ટેસ્ટ પૂરી થયેલ હોય તેઓએ પણ તા.૨૬-૩-૧૭ના રોજ તાલીમમાં હાજર રહી તાલીમ કોર્ષ પૂર્ણ કરવાનો રહેશે.**

તા.૨૩-૩-૧૭

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી